# 5,083 કરોડના ખર્ચે 6 હેલિકોપ્ટર અને રશિયન મિસાઈલોની ખરીદી પર મહોર

**હિન્દુસ્તાન** એરોનોટિક્સ લિમિટેડ પાસે છ એડવાન્સ્ડ લાઈટ હેલિકોપ્ટર ખરીદવામાં આવશે

**રશિયાની** કંપની સાથે સપાટીથી હવામાં પ્રહાર કરતી શિતિલ મિસાઈલોનો સોદો કરાયો

નવી દિલ્હી, તા.3 (પીટીઆઈ): ભારતીય સંરક્ષણ મંત્રાલયે મંગળવારે દેશની દરિયાઈ સુરક્ષા અને હવાઈ સંરક્ષણ પ્રણાલીને મજબૂત કરવા માટે રૂ. 5,083 કરોડના બે મહત્વના કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ અંતર્ગત ભારતીય કોસ્ટ ગાર્ડ માટે છ અત્યાધુનિક હેલિકોપ્ટર અને ભારતીય નૌકાદળના યુદ્ધજહાજો માટે મિસાઈલ સિસ્ટમની ખરીદી કરવામાં આવશે.

સૌ પ્રથમ, સંરક્ષણ મંત્રાલયે હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (એચએએલ) સાથે રૂ. 2,901 કરોડનો કરાર કર્યો છે. આ હેઠળ છ એએલએચ એમકે-3(એડવાન્સ્ડ લાઈટ હેલિકોપ્ટર) મેળવવામાં આવશે. આ ટ્વિન-એન્જિન હેલિકોપ્ટર્સ અત્યાધુનિક ફીચર્સથી સજ્જ છે, જે દરિયા કિનારેથી તેમજ મધદરિયે જહાજ પરથી ઓપરેટ કરી શકાશે. તેનાથી માછીમારોની સુરક્ષા, દરિયાઈ પર્યાવરણનું રક્ષણ અને ઓફશોર ઇન્સ્ટોલેશનની (દરિયામાં તેલ અને ગેસના કુવા વિગેરે) દેખરેખમાં કોસ્ટ ગાર્ડની ક્ષમતામાં મોટો વધારો થશે.

બીજો કરાર રશિયાની કંપની જેએસસી રોસોબોરોનએક્સપોર્ટ સાથે રૂ. 2,182 કરોડમાં કરવામાં આવ્યો છે. આ સોદો સપાટીથી હવામાં પ્રહાર કરતી શિતિલ મિસાઈલો માટે છે. આ વર્ટિકલ લોન્ચ મિસાઈલો નૌકાદળના ફ્રન્ટલાઈન યુદ્ધજહાજો પર તૈનાત કરવામાં આવશે, જે દુશ્મનના હવાઈ હુમલાઓ સામે અભેદ કવચ પૂરું પાડશે. આ મિસાઈલ સિસ્ટમ કોઈપણ હવામાનમાં ઝડપી પ્રતિક્રિયા આપવાની ક્ષમતા ધરાવે છે. મંત્રાલયે આ કરારને ભારત અને રશિયા વચ્ચેની વર્ષો જૂની અને અતૂટ સંરક્ષણ ભાગીદારીનું પ્રતીક ગણાવ્યું છે.

# ઈઝરાયેલ-લેબનોન સરહદે 'મહાયુદ્ધ'ની શરૂઆત

**હિઝબુલ્લાહે** કહ્યું તે ખુલ્લા યુદ્ધ માટે તૈયાર

**હિઝબુલ્લાહે** ઉત્તર ઈઝરાયેલ પર રોકેટ અને ડ્રોન હુમલા કર્યા

**ઈઝરાયેલ** દ્વારા કરવામાં આવેલા હવાઈ હુમલામાં લેબનોનમાં 40 લોકોનાં મોત

બેરૂત, તા. 3 (એપી): ઈઝરાયેલ અને હિઝબુલ્લાહ વચ્ચેના સંઘર્ષમાં મોટો ઉછાળો આવ્યો છે. મંગળવારે ઈઝરાયેલે દક્ષિણ લેબનોનમાં વધારાના સૈનિકો મોકલ્યા છે અને 80થી વધુ ગામડાઓના રહેવાસીઓને તાત્કાલિક વિસ્તાર ખાલી કરવા આદેશ આપ્યો છે. બીજી તરફ, ઈરાન સમર્થિત ઉગ્રવાદી જૂથ હિઝબુલ્લાહે પણ જાહેરાત કરી છે કે તેઓ હવે ઈઝરાયેલ સામે 'ખુલ્લા યુદ્ધ' માટે તૈયાર છે.

આ તાજો સંઘર્ષ સોમવારે વહેલી સવારે શરૂ થયો હતો જ્યારે હિઝબુલ્લાહે ઉત્તર ઈઝરાયેલ પર રોકેટ અને ડ્રોન હુમલા કર્યા હતા. તેના જવાબમાં ઈઝરાયેલ દ્વારા કરવામાં આવેલા હવાઈ હુમલામાં લેબનોનમાં 40 લોકોનાં મોત થયાં છે, જેમાં બેરૂતના દક્ષિણ પરા વિસ્તારમાં એક પેલેસ્ટિનિયન ઉગ્રવાદી અને હિઝબુલ્લાહનો ગુપ્તચર અધિકારી પણ સામેલ છે. આ હુમલાઓમાં 246થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે અને હજારો લોકો વિસ્થાપિત થયા છે.

ઈઝરાયેલના સૈન્ય પ્રવક્તા એવિચે એડરાઈએ રહેવાસીઓને ચેતવણી આપી છે કે આગામી સૂચના ન મળે ત્યાં સુધી તેઓ આ વિસ્તારોમાં પરત ન ફરે.

હિઝબુલ્લાહના વરિષ્ઠ અધિકારી મોહમ્મદ કોમતીએ જણાવ્યું કે એક વર્ષથી વધુ સમય સુધી યુદ્ધવિરામનું પાલન કર્યા બાદ હવે તેમની ધીરજ ખૂટી ગઈ છે અને તેમની પાસે પ્રતિકાર સિવાય કોઈ વિકલ્પ બચ્યો નથી. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું, 'જો ઈઝરાયેલ ખુલ્લું યુદ્ધ ઈચ્છતું હોય, તો ભલે તેમ થાય.' લેબનોનના રાષ્ટ્રપતિ જોસેફ આઉને વિવિધ દેશોના રાજદૂતો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે હિઝબુલ્લાહ લિતાની નદીના ઉત્તર ભાગમાંથી રોકેટ ફાયર કરી રહ્યું છે.લેબનોનની સરકારી ન્યૂઝ એજન્સીના જણાવ્યા અનુસાર, ઈઝરાયેલી સૈનિકો સરહદ નજીકના વ્યૂહાત્મક પોઈન્ટ્સ પર કબજો જમાવી રહ્યા છે, જ્યારે લેબનોનની સેના સરહદ પરથી પોતાની કેટલીક ચોકીઓ ખાલી કરી રહી છે. સંયુક્ત રાષ્ટ્રના શાંતિ રક્ષકો (યુએનઆઈએફઆઈએલ) એ પણ પુષ્ટિ કરી છે કે તેમણે ઈઝરાયેલી દળોને લેબનોનમાં પ્રવેશતા જોયા છે. નોંધનીય છે કે ઓક્ટોબર 2023માં હમાસના હુમલા બાદ શરૂ થયેલો આ સંઘર્ષ નવેમ્બર 2024માં યુદ્ધવિરામ બાદ ફરી એકવાર ભયાનક વળાંક લઈ રહ્યો છે.

# મોદીએ કતાર, ઓમાન અને કુવૈતના શાસકો સાથે કરી વાત

**ભારતીયોની** સુરક્ષા પર ભાર

નવી દિલ્હી, તા. 3 (પીટીઆઈ): પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા ભયાનક સંઘર્ષ વચ્ચે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે ઓમાનના સુલતાન હૈથમ બિન તારીક, કુવૈતના ક્રાઉન પ્રિન્સ શેખ અને કતારના અમીર શેખ તામીમ બિન હમાદ અલ થાની સાથે ટેલિફોન પર વાતચીત કરી હતી.

પીએમ મોદીએ આ દેશો પર થઈ રહેલા હુમલાઓ અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી અને ત્યાં વસતા ભારતીય સમુદાયના કલ્યાણ અને સુરક્ષા અંગે ચર્ચા કરી હતી. આ અગાઉ તેમણે બહેરીન, સાઉદી અરેબિયા, જોર્ડન, યુએઈ અને ઈઝરાયેલના નેતાઓ સાથે પણ વાત કરી હતી. વાતચીત બાદ પીએમ મોદીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી કહ્યું, મેં મારા ભાઈ, શેખ તમીમ બિન હમાદ અલ થાની સાથે વાત કરી. ભારત કતાર સાથે મક્કમતાથી ઊભું છે અને તેની સાર્વભૌમત્વના ઉલ્લંઘનને સખત રીતે વખોડે છે. સાથે જ ભારત ઓમાન અને કુવૈતની પ્રાદેશિક અખંડિતતા પરના હુમલાની નિંદા કરે છે અને આ મુશ્કેલ સમયમાં તેના લોકોની સાથે છે.' મોદીએ કહ્યું શાંતિ સ્થાપવા માટે સતત રાજદ્વારી વાતચીત અનિવાર્ય છે.





# ઘર જેવું સુખ નહીં!!

**12 સ્પેશિયલ** ફ્લાઈટ્સ દ્વારા ભારતીયોનું રેસ્ક્યુ, વતન પહોંચતા જ મુસાફરોની આંખમાં આંસુ

નવી દિલ્હી, તા. 3 (પીટીઆઈ): પશ્ચિમ એશિયામાં વધતા સંઘર્ષ વચ્ચે ફસાયેલા ભારતીયોને પરત લાવવા માટે એર ઈન્ડિયા, ઈન્ડિગો અને સ્પાઈસજેટ જેવી એરલાઈન્સે કમર કસી છે. સાઉદી અરેબિયા અને યુએઈના વિવિધ શહેરો માટે 12થી વધુ સ્પેશિયલ રિલીફ ફ્લાઈટ્સ ઓપરેટ કરવામાં આવી રહી છે.

મંગળવારે એર ઈન્ડિયા એક્સપ્રેસે મસ્કતની સેવાઓ પુનઃસ્થાપિત કરી, જ્યારે ઈન્ડિગો અને સ્પાઈસજેટ જેદ્દાહ, દુબઈ અને ફુજૈરાહથી ભારતીયોને પરત લાવી રહી છે. આ તરફ, મધ્યપૂર્વમાં સંઘર્ષના કારણે દિલ્હી, મુંબઈ અને બેંગલુરુ જેવા શહેરોમાં 250થી વધુ ફ્લાઈટ્સ રદ થતા ભારે અરાજકતા જોવા મળી હતી.

પરત ફરેલા મુસાફરોએ પોતાની આપવીતી જણાવતા કહ્યું કે, તેમણે આકાશમાં મિસાઈલો અને વિસ્ફોટોના અવાજો સાંભળ્યા હતા. નોઈડાના એક રહેવાસીએ જણાવ્યું કે મિસાઈલો હવામાં જ તોડી પાડવામાં આવી રહી હતી, જે દ્રશ્ય અત્યંત ડરામણું હતું. ઘણા પ્રવાસીઓ ફ્લાઈટ રદ થવાને કારણે નાણાકીય કટોકટીમાં મુકાયા હતા અને એરપોર્ટ પર કલાકો સુધી અસમંજસમાં રહ્યા હતા. ઈરાનમાં ભણતી એક વિદ્યાર્થિનીના પિતાએ જણાવ્યું કે હોસ્ટેલ પાસે થયેલા બ્લાસ્ટથી છતનું પ્લાસ્ટર પણ ખરી પડ્યું હતું. ભારતની ધરતી પર પગ મૂકતા જ તમામ મુસાફરોએ રાહતનો શ્વાસ લીધો હતો અને સરકારનો આભાર માન્યો હતો.

તા. 03-03-૨૦૨૬નું સુરત શહેરનું
**હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૬.૪° સે. | ૧૯.૮° સે. | ૪૦% |

## પેજ 3

## બોલિવૂડ સેલેબ્સની હોળી



મુંબઈ, તા. 3: હોળી આવી ગઈ છે અને બોલિવૂડ સ્ટાર્સ ખૂબ જ ઉત્સાહથી રંગોના તહેવારની ઉજવણી કરી રહ્યા છે. હોળીની ઉજવણી દરમિયાન નેહા ધૂપિયા, અંગદ બેદી, સોહા અલી ખાન અને કુણાલ ખેમુ સહિત અનેક સ્ટાર્સ પાપારાઝી કેમેરામાં કેદ થયા હતા. રણબીર કપૂર પણ તેની ત્રણ વર્ષીય પુત્રી રિયા કપૂર સાથે હોળીની ઉજવણી કર્યા બાદ તેના ઘરેથી નીકળતો જોવા મળ્યો હતો. પાપારાઝીએ એક વીડિયો શેર કર્યો છે, જેમાં રણબીર કપૂર હોળીની ઉજવણી કર્યા બાદ બાંદ્રાની શેરીઓમાં ફરતો જોવા મળે છે. તેનો ચહેરો ગુલાલથી રંગાયેલો છે. વીડિયોના અંતે તેની ત્રણ વર્ષની પુત્રી રિયાની એક ટૂંકી ઝલક પણ જોવા મળે છે. તેવી જ રીતે સોહા અલી ખાન નેહા ધૂપિયા તેમનાં બાળકો સાથે હોળીની ઉજવણી કરતાં જોવા મળ્યા હતા.

## શબાના આઝમી-જાવેદ અખ્તરની હોળી પાર્ટી



મુંબઈ, તા. 3: દિગ્ગજ દંપતી શબાના આઝમી અને જાવેદ અખ્તરે મંગળવારે મુંબઈમાં તેમના મિત્રો અને પરિવાર માટે હોળી પાર્ટીનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમના વીડિયો અને ફોટા ઇન્સ્ટાગ્રામ પર વાયરલ થઈ રહ્યા છે, જેમાં ઘણા બોલિવૂડ સેલેબ્સ ડાન્સ કરતાં અને હોળીના રંગો સાથે રમતાં જોવા મળે છે. આ કાર્યક્રમમાં અભિનેત્રી ઉર્મિલા માતોંડકર અને સેલિબ્રિટી ફેશન ડિઝાઇનર મનીષ મલ્હોત્રા સાથે હોળી પાર્ટીમાં પહોંચ્યા હતા. તેઓ જેવા સ્થળ પર પહોંચ્યા કે તરત જ મહેમાનો તેમને રંગ લગાવતા જોવા મળ્યા હતા. ઉર્મિલા પણ ખુશીથી તેમાં જોડાઈ હતી અને સ્થળ પર હાજર મહેમાનોને રંગ લગાવવાનું શરૂ કર્યું હતું. અન્ય વીડિયોમાં જાવેદ અને શબાના, બંને સફેદ કપડાંમાં અને પાઘડી પહેરેલા, તેમના મિત્રોને અને એકબીજાને રંગ લગાવતા જોવા મળે છે. જાવેદ સ્થળની બહાર ઉભેલા ફોટોગ્રાફર્સ પર પણ આનંદથી રંગ ફેંકતા જોવા મળ્યા હતા.

## કેટરીના કૈફે વિકી કૌશલ સાથે માતા તરીકે પ્રથમ હોળી ઉજવી



મુંબઈ, તા. 3: નવા માતા-પિતા કેટરીના કૈફ અને વિકી કૌશલે મંગળવારે તેમના પુત્ર વિહાનના જન્મ બાદ પ્રથમ હોળીની ઉજવણી કરી હતી. કેટરીનાએ ઘરે થયેલી આ ખાસ ઉજવણીની એક ઝલક ચાહકોને આપી હતી. ઈન્સ્ટાગ્રામ પર એક ગ્રુપ ફોટો શેર કરતાં કેટરીનાએ લખ્યું, "સૌથી ખુશનુમા હેપ્પી હોળી (વિવિધ રંગના હાર્ટ ઇમોજીસ)." આ તસવીરમાં કેટરીના તેના પતિ વિકી કૌશલની બાજુમાં સ્મિત કરતી જોવા મળે છે, જ્યારે દિયર સની કૌશલે વોટર ગન સાથે મસ્તીભર્યો પોઝ આપ્યો છે. તેની બહેન ઇસાબેલ કૈફ પણ આ ઉત્સવમાં સામેલ થઈ હતી. ઇસાબેલે બાદમાં ઉજવણીની વધુ તસવીરો શેર કરી, જેમાં ચાહકોને આ રંગીન બપોરની એક ઝલક જોવા મળી હતી.

# નીતિશ પુત્ર નિશાંતને રાજકારણમાં લાવવા તૈયાર

**પુત્ર** માટે નીતિશ કુમારે પરિવારવાદનો છોડ્યો અણગમો

**રાજ્યસભાની** બેઠકની શક્યતા નકારી શકાય નહીં



પટણા, તા. ૩ (પીટીઆઈ) 'પરિવારવાદની રાજનીતિ' પ્રત્યેનો અણગમો છોડીને બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે મંગળવારે તેમના એકમાત્ર પુત્ર નિશાંતને રાજકારણમાં ઉતારવા માટે સંમતિ આપી છે. આ ઘટનાક્રમથી જેડી(યુ)માં ખુશીનો માહોલ સર્જાયો છે અને નિશાંત માટે રાજ્યસભાની બેઠક મળવાની અટકળો તેજ બની છે. આ જાહેરાત રાજ્યના ગ્રામીણ વિકાસ મંત્રી અને પક્ષના વરિષ્ઠ નેતા શ્રવણ કુમાર દ્વારા કરવામાં આવી હતી, જેઓ ૧૯૯૦ના દાયકામાં સમતા પાર્ટીના સમયથી જેડી(યુ) સુપ્રિમોના નજીકના સહયોગી રહ્યા છે.

શ્રવણ કુમારે જણાવ્યું હતું કે, ''હોળીની પૂર્વ સંધ્યાએ મારી પાસે બિહારના લોકો સાથે શેર કરવા માટે સારા સમાચાર છે. જેડી(યુ)ની અંદરથી તેમ જ રાજ્યના યુવાનોમાંથી પણ લાંબા સમયથી એવી માગણીઓ ઊઠી રહી હતી કે, મુખ્યમંત્રી નીતિશ કુમારના પુત્ર નિશાંત રાજકારણમાં જોડાય. તે માટેનો માર્ગ મોકળો થઈ ગયો છે અને એક-બે દિવસમાં સત્તાવાર જાહેરાત કરવામાં આવશે.'' જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું જેડી(યુ) સુપ્રિમોના પુત્ર, જે એન્જિનિયરિંગ ગ્રેજ્યુએટ છે અને ૪૦ વર્ષની વયના છે, તે દ્વિવાર્ષિક રાજ્યસભા ચૂંટણી માટે પક્ષના બે ઉમેદવારોમાંથી એક હોઈ શકે છે, ત્યારે જેડી(યુ) નેતાએ જવાબ આપ્યો, ''કંઈ પણ શક્ય છે.








## ભારત સહિત વિશ્વમાં દેખાયો 'બ્લડ મૂન'

નવી દિલ્હી, તા. 3: 3 માર્ચની સાંજે ભારત સહિત વિશ્વના ઘણા ભાગોમાં આકાશપ્રેમીઓએ એક અદભૂત ખગોળીય ઘટના નિહાળી, જ્યારે આકાશમાં 'ચંદ્રગ્રહણ' સર્જાયું હતું. જેમ જેમ પૃથ્વીનો પડછાયો ચંદ્રની સપાટી પરથી પસાર થતો ગયો, તેમ તેમ પૂર્ણિમાનો તેજસ્વી સફેદ ચંદ્ર ધીરે ધીરે ઘેરા એમ્બર (પીળાશ પડતા) અને લાલ રંગમાં ફેરવાઈ ગયો હતો. આ અદભૂત દ્રશ્ય જોવા માટે લોકોએ અગાસીઓ અને ખુલ્લા મેદાનોમાં ભીડ જમાવી હતી. ભારતના ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર, તમિલનાડુ, ઓડિશા અને ઉત્તર પ્રદેશ સહિતના અનેક રાજ્યોમાં આ ગ્રહણ સ્પષ્ટપણે જોવા મળ્યું હતું. આ એક 'સંપૂર્ણ ચંદ્રગ્રહણ' હતું, જે ત્યારે સર્જાય છે જ્યારે આખો ચંદ્ર પૃથ્વીના મુખ્ય પડછાયામાંથી પસાર થાય છે. તેનાથી વિપરીત, જ્યારે ચંદ્રનો માત્ર એક ભાગ પૃથ્વીના પડછાયામાં આવે છે, ત્યારે તેને 'આંશિક ચંદ્રગ્રહણ' કહેવામાં આવે છે. ખગોળશાસ્ત્રીઓના મતે, હવે પછીનું આવું સંપૂર્ણ ચંદ્રગ્રહણ વર્ષ 2029 સુધી જોવા મળે તેવી શક્યતા નથી.

# અમેરિકાના ઓસ્ટિનમાં ગોળીબાર: ભારતીય મૂળની વિદ્યાર્થિનીનું મોત

**સવિતા** શાન સહિત ચારનાં મોત થયા, 14 ઈજાગ્રસ્તોમાં એક ભારતીય વિદ્યાર્થી

**હુમલાખોરના** નિવાસસ્થાનેથી ઈરાની ધ્વજ અને ઉગ્રવાદી લખાણો મળી આવ્યા



હ્યુસ્ટન, તા. 3 (પીટીઆઈ): અમેરિકાના ટેક્સાસ રાજ્યના ઓસ્ટિન શહેરમાં રવિવારે મોડી રાત્રે એક બારની બહાર થયેલા અંધાધૂંધ ગોળીબારમાં 21 વર્ષીય ભારતીય-અમેરિકન વિદ્યાર્થિની સવિતા શાન સહિત ચાર લોકોનાં મોત થયાં છે. આ ઘટનાને ત્રાસવાદી હુમલાના પાસાથી પણ તપાસવામાં આવી રહી છે. સવિતા શાન યુનિવર્સિટી ઓફ ટેક્સાસની તેજસ્વી વિદ્યાર્થિની હતી અને ગ્રેજ્યુએશન પૂરું કરવાના આરે જ હતી. ઓસ્ટિન પોલીસના જણાવ્યા અનુસાર, અન્ય મૃતકોમાં 19 વર્ષીય રાઈડર હેરિંગ્ટન અને હુમલાખોર પોતે સામેલ છે. આ ભયાનક ઘટના ત્યારે બની જ્યારે 53 વર્ષીય હુમલાખોર ન્ડિયાગા ડાયગ્નેએ પોતાની એસયુવી કારમાંથી ઉતરીને રાઈફલ વડે ભીડભાડ વાળા મનોરંજન વિસ્તારમાં ગોળીબાર શરૂ કર્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ, હુમલાખોર મૂળ સેનેગલનો હતો અને અમેરિકાનો નાગરિક હતો. તપાસ દરમિયાન હુમલાખોરના નિવાસસ્થાનેથી ઈરાની ધ્વજ અને ઉગ્રવાદી લખાણો મળી આવ્યા છે, જેના કારણે એફબીઆઈ (એફબીઆઈ) હવે આ હુમલાના આંતરરાષ્ટ્રીય કે કટ્ટર વિચારધારા સાથેના જોડાણની તપાસ કરી રહી છે. ખાસ કરીને તાજેતરમાં ઈરાન પર થયેલા હુમલા અને ઈરાનના વળતા પ્રહાર બાદ અમેરિકામાં સુરક્ષા ચિંતાઓ વધી છે ત્યારે આ ઘટનાએ ટેક્સાસના ભારતીય સમુદાય અને ટેકનોલોજી પ્રોફેશનલ્સને ચિંતાતુર કર્યા છે.

**વડોદરા લિટરેચર ફેસ્ટ ૪.૦ નું સફળ સમાપન : મહાનુભાવોનો મેળાવડો**

# ભારતની સાચી તાકાત તેની વિવિધતામાં: પૂર્વ મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચુડ

**પારૂલ** યુનિ.ના લિબરલ આર્ટ્સ ફેકલ્ટીના વડોદરા લિટરેચર ફેસ્ટનું સફળ સમાપન: ૧૫,૭૮૬ દર્શકો સાથે ૫૩ અગ્રણીઓની ઉપસ્થિતિ

વડોદરા, બુધવાર: ભારતની પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓમાં સ્થાન ધરાવતી પારૂલ યુનિ.ના ફેકલ્ટી ઓફ લીબરલ આર્ટસ દ્વારા તાજેતરમાં વડોદરા લિટરેચર ફેસ્ટની ચોથી આવૃત્તિનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. નવા વિચારો, સંવાદ અને બૌદ્ધિક ચર્ચાઓ માટેના એક મજબૂત પ્લેટફોર્મ તરીકે પોતાની ઉપસ્થિતિને મજબૂત કરતાં લિટરેચર ફેસ્ટની વર્તમાન આવૃત્તિમાં વિવિધ ક્ષેત્રોમાં સર્વોચ્ચ પદો ઉપર સેવા આપનાર મહાનુભાવો, વિદ્યાર્થીઓ અને સાહિત્યમાં રૂચિ ધરાવતા ૧૫,૭૮૬ શ્રોતાઓએ એક છત નીચે ઉપસ્થિત રહ્યાં હતાં. ભારત સરકારમાં પૂર્વ સચિવ અનિલ સ્વરૂપ સહિતના મહાનુભાવોએ શાસન, લોકતંત્ર, કાયદો, જાહેર નીતિ, સાહિત્ય સહિતના મહત્વપૂર્ણ વિષયો ઉપર વિસ્તારપૂર્વક સંવાદ અને પોતાના અનુભવો વ્યક્ત કર્યો હતો.



અનિલ સ્વરૂપ

એક રસપ્રદ સેશનમાં ભૂતપૂર્વ જસ્ટીસ ડી.વાય. ચંદ્રચુડે જણાવ્યું હતું કે, બંધારણ તમને અધિકારો ૧ આપે છે, પરંતુ બીજા લોકોના અધિકારોને પણ સમજવાની અને સ્વીકારવાની જરૂર છે. ત્યારે જ સમાજમાં યોગ્ય સંતુલન સાધી શકાશે. આપણી પાસે અભિવ્યક્તિનો અધિકાર છે, પરંતુ તેનો ઉપયોગ એવી રીતે ન કરી શકાય કે જેનાથી બીજા લોકોની અભિવ્યક્તિના અધિકાર પ્રત્યે નફરત પેદા થાય.

તેમણે ઉમેર્યું હતું કે, આપણો દેશ વૈવિધ્યસભર છે. ભારતની સાચી તાકાત તેની વિવિધતામાંથી આવે છે. તેથી એકબીજાનો આદર કરો. એકબીજાને સમજો. અલગ-અલગ



ડી. વાય. ચંદ્રચુડ

વિષયો વાંચો. તમારાથી જે પરિચિત છે તેનાથી અલગ વાંચો, હંમેશા તમારી સમજણથી આગળ વધવાનો પ્રયાસ કરતા રહો.

જો તમે બીજા લોકોની તમને ચોંકાવી દેવાની ક્ષમતાને સ્વીકારશો નહીં, તો તમે વિકાસ પામશો નહીં. વીએલએફ ફેસ્ટ વિશે વાત કરતા તેમણે કહ્યું,



અંકુર વારિકૂ

"સાહિત્ય માત્ર તમારા મનોરંજન કે હળવાશ પૂરતું સીમિત હોવું જોઈએ નહીં." તે તમને નવો દ્રષ્ટિકોણ આપશે, તમને પડકારશે અને તમને વિચારવા માટે મજબૂર કરશે.

અગાઉની ત્રણ આવૃત્તિઓની સફળતાને આગળ ધપાવતા લિટરેચર ફેસ્ટની ચોથી આવૃત્તિમાં દેશના વિવિધ ક્ષેત્રોમાં સર્વોચ્ચ પદે સેવા આપનાર અગ્રણીઓ સામેલ થયાં હતાં, જેમાં પૂર્વ મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચુડ, ભારત સરકારના પૂર્વ સચિવ અનિલ સ્વરૂપ, પૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનર એસ.વાય. કુરૈશી, જાણીતા લેખિકા શોભા ડે, ઉદ્યોગ સાહસિક અને લેખક અંકુર વારિકૂ, રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગના પૂર્વ વડા વિક્રમ સૂદ, કાજલ ઓઝા વૈદ્ય સહિતના ૫૩ અગ્રણીઓનો સમાવેશ થાય છે.

## દરેક વ્યક્તિ ખાસ છે, પોતાની જાતમાં વિશ્વાસ કરો: અંકુર વારિકૂ

વડોદરા લિટરેચર ફેસ્ટની ચોથી આવૃત્તિમાં વિશેષ કરીને વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી સંબોધન કરતાં લેખક અને ઉદ્યોગ સાહસિક અંકુર વારિકૂએ આત્મવિશ્વાસ અને વ્યક્તિગત વિકાસ અંગે કહ્યું હતું કે, દરેક વ્યક્તિમાં કંઈક ખાસ હોય છે. જો તમે પોતાની જાતમાં વિશ્વાસ કરો અને લક્ષ્યને હાંસલ કરવાનો પ્રયાસ કરશો તો તમને ખ્યાલ આવશે કે કેટલાં બધા લોકો તમારામાં વિશ્વાસ અને પ્રેમ કરે છે. તેમણે ઉમેર્યું હતું કે, જે લોકો સોશિયલ મીડિયા ઉપર ખરા અર્થમાં વિકાસ કરે છે તેઓ પોતાની જાત પ્રત્યે સાચા હોય છે. તેમણે ઉપસ્થિત લોકોને સલાહ આપી હતી કે હારવું મહત્વપૂર્ણ નથી, પરંતુ તેમાંથી શીખવું મહત્વપૂર્ણ છે.

## મનગમતી વસ્તુ માટે સમય ફાળવો : અનિલ સ્વરૂપ

ગવર્નન્સ અને લીડરશીપ અંગેના રસપ્રદ સેશનમાં અનિલ સ્વરૂપે જીવનમાં ફોક્સ, હિંમત અને ચારિત્ર્યના સિદ્ધાંત ઉપર ભાર મૂકતાં કહ્યું હતું કે, જે કાર્ય તમે નથી કરી શકતા તેના માટે સમય બગાડશો તો તમે જે કરી શકો છો તેના માટે સમય રહેશે નહીં. તેમણે યુવાનોને તેમની મર્યાદાઓ ઉપર ધ્યાન આપવાની જગ્યાએ પરિણામ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવા પ્રોત્સાહિત કર્યાં હતાં. લીડરશીપ વિશે તેમણે ઉમેર્યું હતું કે, તમારું સાચું ચરિત્ર જ્યારે તમે નીચા હોદ્દા ઉપર હશો ત્યારે જોવા મળશે, નહીં કે ઉપરના હોદ્દા ઉપર હોવ ત્યારે.